

# SITPON GUJARAT WELFARE TRUST

***Est: 2013***



हो मेरा काम गरीबों की हिमायत करना
दर्दमंदों से ज़ईफों से मुहोब्बत करना



Dental Chair

# સિતપોણ ગુજરાત વેલ્ફેર ટ્રસ્ટ

*અહેવાલ રજૂ કરનાર: જ. યાકુબભાઈ ઠેબા, મહામંત્રી*

## ભૂમિકા:

યુ.કે.માં વસતા મૂળ સિતપોણ ગામના વતનીઓની એક જાહેર મિટિંગ ૨૦મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ Dakri Hall, Dorothy Street, Leicester ખાતે રાખવામાં આવી હતી. ચર્ચા વિચારણા બાદ આ મિટિંગમાં **"સિતપોણ ગુજરાત વેલ્ફેર ટ્રસ્ટ"**ની સ્થાપના કરવામાં આવી હતી અને નીચે મુજબ ટ્રસ્ટીઓ તથા કાર્યવાહક કમિટીના સભ્યોની સર્વાનુમતે નિયુક્તિ કરવામાં આવી હતી.

| **Trustees** | |
|---|---|
| **Name** | **Town** |
| Yakubbhai Dasu | Leicester |
| Bashirbhai Dasu | Leicester |
| Suleman Issa (Sadhuwala) | Leicester |
| Mohammed Shafiq Abdullah Patel | Leicester |
| Mohammed Ibrahim (Mojiwala) | London |
| Ayyub Adam Master | London |
| Noormohammed Umarji Mogra | Bolton |

| **Executive Committee** | | |
|---|---|---|
| **Name** | **Position** | **Town** |
| Musabhai Theba | Chairman | Preston |
| Saeed Banglawala | Vice Chairman | Leicester |
| Yakoobbhai Theba | Secretary | Bolton |
| Abdulrazzak Koshiya | Joint Secretary | Leicester |
| Ilyas Bhola | Treasurer | Leicester |
| Yakoob Ali Chhota | Joint Treasurer | Bolton |

આ મિટિંગને અનુસરીને એપ્રિલ ૨૦૧૩માં નિમાયેલી કાર્યવાહક કમિટીની બીજી એક મિટિંગ 6 Edgemont Street, Boltonમાં રાખવામાં આવી હતી જેમાં ગામ ખાતેના શિફા કિલનિકમાં એક ડેન્ટલ ચૅર મૂકવા માટે જ. યાકુબભાઇ ઠેબા તરફથી સૂચન થયું હતું જેને સ્વીકારવામાં આવ્યું હતું.

કાર્યવાહક કમિટીની ત્રીજી મિટિંગ લંડન ખાતે રાખવામાં આવી હતી જેમાં સભ્યોના ઘરોમાં લિલ્લાહ અને સદકાના કલેકશન બોક્ષ મૂકવા માટે નક્કી કરવામાં આવ્યું હતું. ઉપરાંત આ મિટિંગમાં ટ્રસ્ટના હેતુઓ તથા ગામ વિકાસના કાર્યો ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ત્યાર બાદ ચોથી મિટિંગ લેસ્ટર ખાતે શફીભાઇ બંગલાવાલાના ઘરે રાખવામાં આવી હતી જેમાં રમઝાન કલેકશન બાબતની ચર્ચા કરવામાં આવી હતી. આ મિટિંગમાં જ. યાકુબભાઇ ઠેબાએ એવું સૂચન કર્યું કે ગામના યુવક યુવતીઓને પગભર કરવાના આશયથી એક ટેલરીંગ કલાસ શરૂ કરવામાં આવે અને તેમાં સિલાઇકામ શીખી ગયા પછી જરૂરતમંદોને સીવવાના સંચા આપવામાં આવે જેથી તેઓ પોતે કામ કરતા અને કમાણી કરતા થાય અને સ્વાવલંબી બને. એક ભાઇએ આ કામ માટેનો સર્વ ખર્ચ ઉપાડી લેવાની તૈયારી પણ બતાવી હતી પરંતુ કાર્યવાહક કમિટીના આ પ્રસ્તાવને ગામ લોકો તરફથી ઉત્સાહજનક પ્રતિભાવ ન મળતાં એ વિચારને પડતો મૂકવામાં આવ્યો હતો.

આ પછી પાંચમી મિટિંગ જનાબ અબ્દુર્રઝ્ઝાક કોશિયાના ઘરે લેસ્ટર ખાતે રાખવામાં આવી હતી જેમાં રમઝાનુલ મુબારકમાં દરેક ટાઉનમાં થયેલ કલેકશનની વિગતો મેળવવામાં આવી હતી અને ગામ ખાતે અત્યારે ચાલી રહેલા વિવિધ પ્રોજેક્ટો ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ત્યાર બાદ છટ્ઠી મિટિંગ ૧/૧૨/૨૦૧૩ના રોજ ફરીથી જનાબ અબ્દુર્રઝ્ઝાક કોશિયાના ઘરે લેસ્ટર ખાતે રાખવામાં આવી હતી જેમાં સિતપોણ ગામમાં ઓવારો બનાવવા અને એ માટે જરૂરી નાણાભંડોળ ઊભું કરવા વિષે ચર્ચા કરવામાં આવી હતી. આ કામ માટેનું કલેકશન પણ હવે શરૂ થઇ ગયું છે.

# વરસ દરમિયાન થયેલાં કેટલાંક કામોની યાદી:

(૧) શિફા દવાખાનામાં ડેન્ટલ ચૅર ખરીદીને મૂકવામાં આવી તથા ડેન્ટિસ્ટની નિમણૂંક કરવામાં આવી. ઘર આંગણાની આ આરોગ્ય સુવિધાનો લોકો સારો લાભ લેતા થઇ ગયા છે.

(૨) શિફા દવાખાનામાં એક Skin Specialist (ચામડીના રોગોના નિષ્ણાંત) ડૉકટરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે જે સેવાનો પણ ગામ લોકો ફાયદો ઉઠાવતા થઇ ગયા છે.

(૩) આપણી આ સંસ્થાએ મોંઘવારી જોતાં Widow Benefit (વિધવાઓને અપાતી રકમ)માં તથા ગરીબ છોકરા છોકરીઓની શાદી માટે અપાતી સહાયમાં પણ જરૂરી વધારો કર્યો.

(૪) ગામના મદ્રસાના વાર્ષિક જલસા પ્રસંગે મદ્રસાના ઉસ્તાદોને એમના સુંદર કામની કદર રૂપે રોકડ ઈનામ થતા મદ્રસાના તેજસ્વી તલ્બાઓ તથા જલસાના કાર્યક્રમમાં ભાગ લેનાર સર્વેને પણ ઈનામો આપવામાં આવ્યાં.

(૫) સોસાયટીના સૂચનથી શિફા દવાખાનામાં આંખોના મોતિયાની તપાસ માટે એક Eye Camp (આંખોનો કેમ્પ) રાખવામાં આવ્યો હતો જેમાં બહારના Eye Specialist (આંખોના નિષ્ણાંત ડૉકટરો)ની સેવાઓ પ્રાપ્ત થઇ હતી.

(૬) શાદી વગેરે જેવા જાહેર પ્રસંગોએ ઠંડા પાણીની સગવડ માટે ગામના તહુરા ફિલ્ટર પ્લાન્ટમાં Water Chiller (પાણીને ઠંડુ કરવાનું) મશીન તથા ઠંડા પાણીના ડ્રમોની જોગવાઇ કરવામાં આવી. પાણીના આ ડ્રમો ગામજનો તથા આજુબાજુના લોકોને વાપરવા માટે વાજબી ભાડાથી આપવામાં આવશે.

(૭) મુશ્તાકભાઇ વાણિયાના દીકરા દીકરી બંનેને વિશિષ્ટ પ્રકારની દાંતોની સારવારની જરૂર હોવાથી તેમને એ સારવાર માટે જરૂરી મદદ કરી એમની સારવાર શરૂ કરી દેવામાં આવી.

(૮) ગામના ઓવારાના નવેસરથી બાંધકામ માટે જરૂરી કલેકશન શરૂ કરી દેવામાં આવ્યું છે.

(૯) વોટર ફિલ્ટર પ્લાન્ટની મેનટેનન્સ સર્વિસ કરવામાં આવી.

(૧૦) ચોમાસામાં સિતપોણ ગામમાં આવેલ પાણીની રેલના સમયે ગામના નવી નગરીમાં વસતા તેમજ આ કુદરતી આફતનો ભોગ બનેલા અન્ય જરૂરતમંદોને ચાર દિવસ સુધી ભોજન પૂરું પાડવામાં આવ્યું. ઉપરાંત પૂરને કારણે થયેલા નુકસાનને પહોંચી વળવા આર્થિક સહાય પણ કરવામાં આવી.

(૧૧) રમઝાનમાં ઈદુલ ફિત્રની જમા થયેલી રકમ ઈદના ત્રણ દિવસ પહેલાં ગામના તથા આજુબાજુના ગામોના ગરીબ કુટુંબોને વહેંચી દેવાની વ્યવસ્થા કરવામાં આવી.

(૧૨) યુ.કે.ના કાયદા અનુસાર જરૂરી કાર્યવાહી કરી 'સિતપોણ ગુજરાત વેલ્ફેર ટ્રસ્ટ'ને ચેરિટી તરીકે રજિસ્ટર કરાવવામાં આવ્યું જેનો ચેરિટી રજિસ્ટ્રેશન નંબર 1154101 છે.

(૧૩) સંસ્થાની પ્રવૃત્તિઓ તથા ગામના સમાચારોની ઓન-લાઈન માહિતી માટે 'સિતપોણ ગુજરાત વેલ્ફેર ટ્રસ્ટ'ની એક વૅબસાઈટ ચાલુ કરવામાં આવી. આ વૅબસાઈટનું સરનામું: www.sgwtrust.org છે. સંપર્ક માટે સંસ્થાનું ઈ-મેઈલ સરનામું: info@sgwtrust.org છે.

'સિતપોણ ગુજરાત વેલ્ફેર ટ્રસ્ટ'ના ટ્રસ્ટીઓ તથા કાર્યવાહક કમિટીના સભ્યો ઘણાજ ઉત્સાહપૂર્વક કામ કરી રહ્યા છે અને ગામ વિકાસના અનેક કામો હાથ ધરવાની ધગશ ધરાવે છે. એ આનંદની વાત છે કે યુ.કે.માં વસતા તમામ સિતપોણવાસીઓ આ કામમાં પૂરતો સાથ સહકાર આપી રહ્યા છે. અમને આશા છે કે સિતપોણ ગામના ગામજનો તરફથી હંમેશ મુજબ જરૂરી સાથ સહકાર મળતો રહેશે, હિંમત અફઝાઈ થતી રહેશે અને સંસ્થા ભવિષ્યમાં પણ અનેક લોકોપયોગી કામો કરતી રહેશે.

*ટ્રસ્ટીઓ તથા કાર્યવાહક કમિટીના સભ્યોની મંજુરીથી આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.*

# SITPON GUJARAT WELFARE TRUST

***Report prepared by: Yakubbhai Theba, General Secretary***

## BACKGROUND

A general meeting of people originally from village Sitpon was held on 20th of January 2013 at the Dakri Hall, Dorothy Street, Leicester. After discussion and careful consideration, **"Sitpon Gujarat Welfare Trust"** was formed and the following Trustees and Members of the Executive Committee were also appointed with a unanimous vote at this meeting.

| Trustees | |
|---|---|
| **Name** | **Town** |
| Yakubbhai Dasu | Leicester |
| Bashirbhai Dasu | Leicester |
| Suleman Issa (Sadhuwala) | Leicester |
| Mohammed Shafiq Abdullah Patel | Leicester |
| Mohammed Ibrahim (Mojiwala) | London |
| Ayyub Adam Master | London |
| Noormohammed Umarji Mogra | Bolton |

| Executive Committee | | |
|---|---|---|
| **Name** | **Position** | **Town** |
| Musabhai Theba | Chairman | Preston |
| Saeed Banglawala | Vice Chairman | Leicester |
| Yakoobbhai Theba | Secretary | Bolton |
| Abdulrazzak Koshiya | Joint Secretary | Leicester |
| Ilyas Bhola | Treasurer | Leicester |
| Yakoob Ali Chhota | Joint Treasurer | Bolton |

Following this formation meeting, a further meeting of the members of the Executive Committee was held in April 2013 at 6 Edgemont Street, Bolton where a suggestion was made by Yakubbhai Theba to make provision for a dental chair at the village Shifa Clinic.

The third meeting of the Executive Committee was held at London where it was decided to place a collection box for Lillah and Sadaqah money in every member's house. Discussion also took place at this meeting about the aims and objectives of the Trust and the works of village welfare to be undertaken by the Trust.

The fourth meeting of the Executive Committee was held at the residence of Shafibhai Bungalawala at Leicester. At this meeting Yakubbhai Theba proposed to start a Sewing Class for the young boys and girls of the village and then to provide them with sewing machines once they have learnt the trade to enable them to become independent by earning their own living. One of the members had even offered to bear all the costs and expenses for this project but as the response to this proposal was not so enthusiastic from the village people, the idea had to be dropped.

After that, the fifth meeting was held at the residence of Janab Abdurrazzak Koshiya at Leicester where details of the Ramadan collections made in each town were obtained. A discussion also took place about the ongoing projects in the village.

The last and sixth meeting of the year was again held at the residence of Janab Abdurrazzak Koshiya at Leicester on 1/12/2013, where it was discussed to collect the necessary funds for the construction of a new 'Washing Platform' in the village. I am pleased to say that the collection for this work has already started.

## RECORD OF SOME OF THE WORKS CARRIED OUT DURING THE YEAR

(1) A Dental Chair was purchased and placed in the Shifa Clinic. A dentist has also been appointed. This much needed dental facility has proved a great blessing for the village people.

(2) Arrangements have also been made for a Skin Specialist to visit the clinic and the village people have been taking advantage of this service as well.

(3) In view of the increasing cost of living, our Trust have increased the Widow Benefit, the monthly cash allowance given to the widows of the village and the lump sum payment made to the single young people (boys and girls) of marriageable age for marriage, thus enabling them to fulfil the Sunnah of our beloved Prophet (s.a.w.).

(4) Cash prizes were given to the teachers of the local Madrasah in appreciation of their hard work and suitable prizes were also given to all the bright students of the Madrasah and to other students who had taken part in the Jalsa programme.

(5) At the suggestion of the Trust, an eye camp was organised at the Shifa Clinic for eye tests and examination of cataracts where the services of the Eye Specialists from outside were made available.

(6) Provision has been made at the Tahura Water Filter Plant of the village for a Water Chilling Machine and water drums to provide cold water at marriage and other public functions. These water drums will be rented to people of the village

and also to people of the surrounding villages at a very reasonable rate.

(7) As you probably know the son and daughter of Mushtakbhai Vaniya of our village required some special treatment for the correction of an unusual dental impairment. The Trust helped them for that specialist treatment which has already commenced.

(8) The special collection for the construction of the Village Washing Platform has already started.

(9) The maintenance service of the Water Filter Plant has been carried out.

(10) Free meals were provided for four days to the residents of Navi Nagari and others affected by the monsoon floods. Those affected were also provided financial assistance to repair the damage caused by this unforeseen natural disaster.


(11) The amount of Eid-ul-Fitra collected during the month of Ramadan was remitted and distributed to the poor and the needy of Sitpon and the surrounding villages three days before the Eid.

(12) In accordance with the UK Charity Law, we have registered 'Sitpon Gujarat Welfare Trust' as a Charity. For your information the Charity Registration Number is: 1154101

(13) For online information about the Trust activities and the day to day events of our village, we have started a website of our Trust which can be accessed at www.sgwtrust.org. Should you wish to contact us for anything, our email address is: info@sgwtrust.org

The Trustees and members of the Executive Committee of "Sitpon Gujarat Welfare Trust" are in full swing, working with great stride and enthusiasm and hope to carry out many more works of village welfare. Our UK brothers and sisters from the village are giving us their full support and co-operation in this noble work. If this present trend continues, we hope to do much more in the future for our beloved village and its people.

*This report has been prepared with the approval of the Trustees and the members of the Executive Committee.*



**Water Filter Plant**



**Shifa Clinic Sitpon**

---

**Our Bank Details**
Account Name: Sitpon Gujarat Welfare Trust
Name of Bank: Barclays Bank
Bank Sort Code: 20-49-17
Account Number: 63620603

Website: www.sgwtrust.org
E-mail: info@sgwtrust.org